કોઠંબામાં વ્યાજખોરે ₹ 7 લાખના ધિરાણ સામે 11 લાખ વ્યાજ વસુલ્યું

દીકરીના લગ્ન પ્રસંગે વ્યાજે લીધેલા નાણાંમાં દરજીકામ કરતી મહિલાએ ઠગાઇ કરી

(પ્રતિનિધિ) કોઠંબા તા.2

મહીસાગર જિલ્લાના કોઠંબામાં વ્યાજખોરીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં દીકરીના લગ્ન માટે લીધેલા સાત લાખ રૂપિયાના ધિરાણ સામે અગિયાર લાખથી વધુનું વ્યાજ વસૂલી પિતા-પુત્ર સાથે છેતરપિંડી આચરવામાં આવી છે. જેમાં આરોપી મહિલાએ ફરિયાદીને અંધારામાં રાખી દુકાન ગિરો હોવાનું ખોટું એફિડેવિટ બનાવી સહીઓ કરાવી લીધી હોવાની વિગતો બહાર આવતા કોઠંબા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કોઠંબામાં રહેતા પ્રભુદાસ આયદનજી સોલંકીએ પોતાની દીકરીના લગ્ન નિમિત્તે નાણાંની જરૂરિયાત હોવાથી વ્યાજે પૈસા લીધા હતા, જેમાં તેઓ વ્યાજખોરીની જાળમાં ફસાઈ ગયા હતા. તેમણે વર્ષ 2015માં તેમની દુકાનની બાજુમાં જ સિલાઈ મશીન ચલાવતા શકુંતલાબેન કાંતિભાઈ પટેલ પાસેથી બે ટકાના વ્યાજે 3 લાખ લીધા હતા. આ રકમ પેટે તેઓ માસિક છ હજાર રોકડ વ્યાજ ચૂકવતા હતા અને નવેમ્બર 2019 સુધીમાં તેમણે કુલ 3.60 લાખ જેટલું વ્યાજ ચૂકવી દીધું હતું.

વર્ષ 2019માં બીજી દીકરીના લગ્ન પ્રસંગે ફરી નાણાંની જરૂર પડતા પ્રભુદાસભાઈએ શકુંતલાબેન પાસેથી 2.5 ટકાના વ્યાજે અન્ય 4 લાખ લીધા હતા. આમ, કુલ સાત લાખના ધિરાણ સામે તેઓ માસિક 16 હજાર જેટલું માતબર વ્યાજ ચૂકવી રહ્યા હતા. આ દરમિયાન શકુંતલાબેને ધિરાણના બદલામાં અલગ-અલગ બેંકોના ચેક પણ મેળવી લીધા હતા.

આ ઘટનામાં આરોપી મહિલાએ માત્ર ઊંચું વ્યાજ જ વસૂલ્યું નહોતું, પરંતુ પ્રભુદાસભાઈ અને તેમના દીકરાને વિશ્વાસમાં લઈ, ગિરા પેટે દુકાનનું ભાડું ચૂકવ્યું હોવાનું ખોટું એફિડેવિટ બનાવી તેમની સહીઓ કરાવી લીધી હતી. આ રીતે પિતા-પુત્રને અંધારામાં રાખી છેતરપિંડી આચરવામાં આવી હતી. વર્ષ 2025 સુધીમાં સાત લાખની સામે કુલ 11.06 લાખ જેટલું વ્યાજ વસૂલી માનસિક હેરાનગતિ કરવામાં આવતા અંતે પ્રભુદાસભાઈએ કોઠંબા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદ આધારે પોલીસે શકુંતલાબેન પટેલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શિંગનલીમાં ચાઈનીઝ દોરી સાથે એક પકડાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.2

મહિસાગર એસઓજીએ શિંગનલી આઉટ પોલીસ સ્ટેશન નજીકથી ગેરકાયદેસર ચાઈનીઝ દોરી વેચવાના ગુનાનો પર્દાફાશ કર્યો છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન બે શંકાસ્પદ ઈસમો પૈકી મીઠાપુરના મહેન્દ્રભાઈ ભીખાભાઈ વણકરને પોલીસે દબોચી લીધો હતો, જ્યારે પિયુષકુમાર વણકર નામનો અન્ય ઈસમ મોટર સાયકલ પર ભાગી છૂટ્યો હતો. પોલીસે પકડાયેલ ઈસમ પાસેથી કાળા અને વાદળી કલરના થેલાઓમાંથી રૂ. 27 હજારની કિંમતની 36 નંગ ચાઈનીઝ ફીરકીઓ કબજે કરી છે. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ જથ્થો તેઓ શહેરાના એક અજાણ્યા શખ્સ પાસેથી વેચવા માટે લાવ્યા હતા. આ મામલે એસઓજીએ કાંઠંબા પોલીસ સ્ટેશનમાં બંને ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી વધુ તપાસ હાથ ધરી છે.

કડાણામાં પીકઅપ ડાલાની હડફેટે કાકા-ભત્રીજાના મોત

સરસવા ચોકડી પાસે બેફામ દોડતા ડાલાએ મોટરસાયકલને અડફેટે લીધી

(પ્રતિનિધિ) કડાણા તા.2

કડાણા તાલુકાના સરસવા ચોકડીથી મોટીરાઠ તરફ જતા માર્ગ પર આવેલા ઉત્તર ગામના રોત ફળીયા પાસે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. જેમાં પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી આવતા એક પીકઅપ ડાલાએ સામેથી આવતી મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા બાઈક પર સવાર બે વ્યક્તિઓના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ ઘટનાને પગલે સ્થાનિક પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

કડાણાના સરસડી ગામે રહેતા કલ્પેશભાઈ ગમાભાઈ પટેલીયા 1લી જાન્યુઆરીના રોજ તેના કુટુંબી કાકા બાબુભાઈ હરીયાભાઈ પટેલીયા સાથે મોટરસાયકલ પર સવાર થઈને સરસવા ચોકડીથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમિયાન ઉત્તર ગામના રોત ફળીયા પાસે સામેથી આવતા પીકઅપ ડાલા (નંબર જીજે35 ટી 4147) ના ચાલકે પોતાનું વાહન અત્યંત ગતિમાં હંકારી બાઈક સાથે ધડાકાભેર અથડાવ્યું હતું.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે કલ્પેશભાઈને માથા અને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે બાબુભાઈને પણ માથા અને ખંભાના ભાગે જીવલેણ ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ તરત જ બંનેને 108 એમ્બ્યુલન્સ મારફતે ડીટવાસ સરકારી દવાખાને સારવાર અર્થે ખસેડાયા હતા. જોકે, હોસ્પિટલના ફરજ પરના તબીબે કલ્પેશભાઈ ગમાભાઈ પટેલીયા તથા બાબુભાઈ હરીયાભાઈ પટેલીયાને મૃત જાહેર કર્યા હતા.

આ સમગ્ર મામલે ગમાભાઈ રાયસંગભાઈ પટેલીયાએ અકસ્માત સર્જનાર પીકઅપ ડાલાના ચાલક સામે ડીટવાસ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ અંગે ગુનો નોંધી પીકઅપ ડાલાના ચાલકની ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યાં છે. આ ઘટનાના પગલે સરસડી ગામમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું હતું.

લુણાવાડામાં બોલેરો પલટી જતાં કોન્ટ્રાક્ટરે જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.1

લુણાવાડાના સોનવાડા ગામે હાઈવે રોડ પર પુરપાટ ઝડપે જતી એક બોલેરો ગાડી પલટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બોલેરો ચાલકનું ઘટનાસ્થળે જ નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવકને ઈજાઓ પહોંચતા તેને વધુ સારવાર માટે ગોધરા રીફર કરવામાં આવ્યો છે.

પંચમહાલ જિલ્લાના વીરાનીયા ગામના રહેવાસી જીજ્ઞેશકુમાર મોહનભાઈ ઘોડ, જેઓ અમદાવાદ પાણીની પાઈપલાઈનના મજૂરો મારફતે સ્ટમ્પ વોટર કામના કોન્ટ્રાક્ટનું કામ કરતા હતા, તેઓ તા. 01-01-2026 ના રોજ પોતાની બોલેરો ગાડી લઈને નીકળ્યા હતા. લુણાવાડાના સોનવાડા ગામે હાઈવે રોડ પર પાણીના ટાંકા પાસે તેમની બોલેરો ગાડી અચાનક પલટી ખાઈ ગઈ હતી..

આ અકસ્માતમાં જીજ્ઞેશભાઈને માથામાં અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત નીપજ્યું હતું.. તેમની સાથે ગાડીમાં બેઠેલા કરણ દિતા મહિડા (રહે. ટીમેડા, તા. કુશલગઢ)ને પણ માથામાં તથા ડાબા પગે ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત બાદ બંનેને 108 એમ્બ્યુલન્સ મારફતે લુણાવાડા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે જીજ્ઞેશકુમારને મૃત જાહેર કર્યા હતા, જ્યારે ઈજાગ્રસ્ત કરણભાઈને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે ગોધરા રીફર કરવામાં આવ્યા હતા.. આ સમગ્ર ઘટના અંગે મૃતકના ભાઈ જીતેન્દ્રકુમાર ઘોડે કાઠંબા પોલીસ સ્ટેશનમાં ચાલક જીજ્ઞેશકુમાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

ખંભાતમાં પ્રથમ વખત જૈન ધર્મ અને વિજ્ઞાનના સમન્વયનું પ્રદર્શન યોજાયું

ખંભાત અને બોરસદ સમ્યગ જ્ઞાનશાળાના બાળકો - યુવા ટીમ દ્વારા આયોજન કરાયું

(પ્રતિનિધિ) ખંભાત તા.2

ખંભાત શહેરના ઈતિહાસમાં પ્રથમ વખત સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત ખંભાત અને બોરસદ સમ્યગ જ્ઞાનશાળાના બાળકો અને યુવા ટીમ દ્વારા એક વિશિષ્ટ જૈન ધર્મોત્સવ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. [૧] બોળપીપળા સ્થિત સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં યોજાયેલા આ પ્રદર્શનનો મુખ્ય હેતુ જૈન ધર્મના આગમ આધારિત જ્ઞાનને આધુનિક વિજ્ઞાન સાથે સાંકળીને રજૂ કરવાનો હતો.

ખંભાતના અનોખા પ્રદર્શનમાં બાળકો અને ટીચર્સ દ્વારા તૈયાર કરાયેલા 16 જેટલા વિવિધ પ્રોજેક્ટો રજૂ કરવામાં આવ્યા હતા, જે જૈન ધર્મની વિશિષ્ટતાઓને ઉજાગર કરતા હતા. આ કાર્યક્રમમાં 'જ્ઞાન સાથે ગમ્મત' પીરસતા બાળકો માટે 10 પ્રકારની વિવિધ ગેમ્સ પણ રાખવામાં આવી હતી, જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ પ્રદર્શનને નિહાળવા માટે 1200થી વધુ ધર્મપ્રેમી જનતા ઉમટી પડી હતી અને સુંદર પ્રતિસાદ આપ્યો હતો.

આ પ્રસંગે ખંભાત નગરપાલિકાના પ્રમુખ દિગ્વિજયસિંહ પરમાર અને ધારાસભ્ય ચિરાગભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોના પ્રયાસોને બિરદાવ્યા હતા. આ આયોજનને સફળ બનાવવા માટે જયેશભાઈ ચંદુલાલ ગાંધી, નવીનચંદ્ર રતીલાલ શાહ (બ્યુટિકવાળા), દેવચંદભાઈ શાહ સહિત અનેક નામી-અનામી દાતાઓએ આર્થિક સહયોગ આપ્યો હતો. આ પ્રસંગે બરવાળા સંપ્રદાય સંગઠન સમિતિ, અમદાવાદના માર્ગદર્શન અને ગચ્છાધિપતિ પૂજ્યના આશીર્વાદ સાથે ખંભાત જૈન સંઘના નાના બાળકોથી લઈને વડીલોએ રાત-દિવસ મહેનત કરી આ કાર્યક્રમને ઐતિહાસિક રીતે સફળ બનાવ્યો હતો.

સોજિત્રામાં ભાડે લીધેલું ટ્રેક્ટર બારોબાર વેચી દીધું

(પ્રતિનિધિ) સોજિત્રા તા.2

સુરેન્દ્રનગરના ગુગલીયાણા ગામના રહેવાસી અરજણભાઈ પ્રભાતભાઈ ભરવાડ ગત જૂન મહિનામાં સોજિત્રા ખાતે તેમના સંબંધી બાથાભાઈને મળવા આવ્યા હતા, જ્યાં તેમની મુલાકાત જીગરસિંહ નામના શખ્સ સાથે થઈ હતી. જીગરસિંહે ખેતીના કામ અર્થે ટ્રેક્ટર-ટ્રોલીની જરૂર હોવાનું જણાવી માસિક 30 હજારના ભાડા પેટે ચાર માસ માટે ટ્રેક્ટર રાખવાનો નોટરી કરાર કર્યો હતો. આ સોદા પેટે અરજણભાઈને 20 હજાર એડવાન્સ પણ આપવામાં આવ્યા હતા.

જોકે, થોડા સમય બાદ અરજણભાઈને જાણવા મળ્યું કે જીગરસિંહે ભાડે લીધેલા ટ્રેક્ટરો કાલોલ મુકામે વેચી માર્યા છે. તપાસ દરમિયાન જીગરસિંહે કબૂલાત કરી હતી કે તેણે ટ્રેક્ટર-ટ્રોલી અમદાવાદના પવનસિંહ રાજપૂતને વેચાણથી આપી દીધા હતા અને પવનસિંહે તે ટ્રેક્ટર કચ્છના મુદ્રા ખાતે રહેતા વનરાજસિંહ વાઘેલાને ત્યાં ગિરો મૂક્યા હતા.

જ્યારે મૂળ માલિક અરજણભાઈ પોતાનું ટ્રેક્ટર પરત લેવા કચ્છ પહોંચ્યા, ત્યારે વનરાજસિંહે જણાવ્યું હતું કે તેમણે આ ટ્રેક્ટર 2.30 લાખમાં ખરીદ્યું છે અને આ રકમ પરત આપ્યા વિના ટ્રેક્ટર મળશે નહીં તેમ કહી તેમને હાંકી કાઢ્યા હતા. આખરે, વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ભોગ બનેલા અરજણભાઈએ જીગરસિંહ, પવનસિંહ અને વનરાજસિંહ વિરુદ્ધ સોજિત્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

ચકલાસી ગામમાં સંતરામ મંદિરની મંત્રી સંજયસિંહ મહિડાએ મુલાકાત લીધી

નડિયાદ | મહેસુલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ ચકલાસીમાં ફેબ્રુઆરી 2026માં યોજનારા સંતરામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત મુલાકાત લઈ સંતશ્રીના આશીર્વાદ મેળવ્યા અને ભક્તોને સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી. આ પ્રસંગે તેમણે વડતાલ-ડાકોર અને પાવાગઢને જોડતા ચકલાસીના માર્ગને ચાર માર્ગીય (ફોરલેન) કરવા સરકારમાં રજૂઆત કરવાની ખાતરી આપી, જેથી યાત્રાળુઓની સુવિધા અને પ્રવાસનને વેગ મળે. મંત્રીશ્રીએ મંદિર દ્વારા ભવિષ્યમાં પૂરી પાડવામાં આવનારી નેત્ર ચિકિત્સા અને સર્જરી જેવી આરોગ્ય સુવિધાઓમાં પણ સરકારી યોજનાઓનો લાભ આપવાનું આશ્વાસન આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન નગરપાલિકા પ્રમુખ પ્રવીણસિંહ વાઘેલા, ચીફ ઓફિસર અને સ્થાનિક અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

મહીસાગર ડીડીઓએએ વેલણવાડામાં પશુપાલકો સાથે સંવાદ સાધી પ્રશ્નો સાંભળ્યા

સંતરામપુર | મહીસાગર જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિધ્ધાર્થ લુણાવાડાના વેલણવાડા ખાતે દૂધ મંડળી અને પશુપાલકોના તબેલાની રૂબરૂ મુલાકાત લઈ પ્રગતિશીલ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે પશુપાલકો દ્વારા કરવામાં આવતી આધુનિક કામગીરી અને પશુઓની માવજત જોઈ આનંદ વ્યક્ત કર્યો હતો અને વધુ સારા ઉત્પાદન માટે પશુપાલકોને પ્રોત્સાહિત કર્યા હતા. પશુપાલકોની વિવિધ મુશ્કેલીઓ અને પ્રશ્નો સાંભળી ડીડીઓએ જિલ્લા કક્ષાએ હકારાત્મક ઉકેલની ખાતરી આપી પશુપાલન ક્ષેત્રે આવક વધારવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ મુલાકાત દરમિયાન નાયબ જિલ્લા વિકાસ અધિકારી, નાયબ પશુપાલન નિયામક અને દૂધ મંડળીના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં પશુપાલકો હાજર રહ્યા હતા.

કપડવંજમાં ૩.૮.77 કરોડના ખર્ચે અત્યાધુનિક બસ સ્ટેશનનું મંત્રીના હસ્તે ભૂમિપૂજન કરાયું

કપડવંજ | અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી રમણભાઈ સોલંકીએ કપડવંજ ખાતે રૂ. 8.77 કરોડના ખર્ચે સાકાર થનારા નવીન બસ સ્ટેશનનું ભૂમિપૂજન કરી ખાતમુહૂર્ત તકતીનું અનાવરણ કર્યું હતું. ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાની રજૂઆતથી નિર્માણ પામનારા આ મોડલ બસ સ્ટેશનના કારણે સ્થાનિકો અને પ્રવાસીઓની સુવિધાઓમાં મોટો વધારો થશે. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર પરિવહન ક્ષેત્રે મુસાફરોને સંપૂર્ણ સુવિધાયુક્ત પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા માટે સતત કાર્યરત છે. આ કાર્યક્રમમાં કપડવંજના ધારાસભ્ય, નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન પંચાલ, એસ.ટી. વિભાગીય નિયામક અને મોટી સંખ્યામાં સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કપડવંજના શ્રી નારાયણદેવ મંદિરનો ૨૩૪મો પાટોત્સવ અને 'કુંવારો' મનોરથ ઉજવાયો

કપડવંજ | કપડવંજમાં નારાયણદેવ મંદિરનો 234મો પાટોત્સવ અને ધનુર્માસ નિમિત્તે 'કુંવારો' દિવ્ય મનોરથ અત્યંત શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે સંપન્ન થયો હતો. આ મંગલ પ્રસંગે વહેલી સવારે મંગળા આરતી, કેસર સ્નાન અને નૂતન ધ્વજારોહણ બાદ સવારે 11-30 કલાકે વિશેષ મનોરથના દર્શન યોજાયા હતાં. જેમાં હજારો શ્રદ્ધાળુઓ જોડાયા હતાં. આ ઉત્સવની પૂર્વ સંધ્યાએ ખ્યાતનામ કલાકાર અવિનાશ બારોટની ભજન સંધ્યા યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ભક્તો ભક્તિરસમાં તરબોળ થયા હતાં. આ આયોજનને સફળ બનાવવા મયુર જોષી અને મિહિર જોષી સહિતના સેવકોએ જહેમત ઉઠાવી હતી.

ગામડી ખાતે સુકન્યા સહાય યોજના અને ૐ શાંતિ ગ્રુપનો વાર્ષિક ઉત્સવ યોજાયો

આણંદ | ગામડીના દાતા મનુભાઈ પટેલના ફાર્મ હાઉસ પર નવા વર્ષ 2026ના વધામણા સાથે સુકન્યા સહાય યોજના અને ૐ શાંતિ ગ્રુપનો વાર્ષિક ઉત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાવેશભાઈ સોલંકીના અધ્યક્ષસ્થાને અમેરિકામાં તબીબી અભ્યાસ કરતી ભામાશાની પૌત્રીઓના જન્મદિવસની ઉજવણી સાથે વિવિધ મહાનુભાવો દ્વારા શિક્ષણ અને સામાજિક સેવાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ગામડીના ભામાશા દ્વારા હેલ્પ ફ્રેન્ડ ગ્રુપના સમૂહલગ્ન અને ૐ શાંતિ ગ્રુપની સેવાકીય પ્રવૃત્તિઓ માટે કુલ રૂ. 50 હજારના ચેક અર્પણ કરી ઉદારતા દાખવવામાં આવી હતી. મુકેશકુમાર મહિડાના સંચાલન હેઠળ યોજાયેલા આ સ્નેહમિલન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સામાજિક કાર્યકરો, શિક્ષણપ્રેમીઓ અને ગ્રામજનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

પીએમ પટેલ કોલેજ ખાતે સરદાર પટેલના જીવન પર આધારિત નાટ્ય પ્રસ્તુતિ યોજાઈ

આણંદ | આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટી દ્વારા સંચાલિત પી. એમ. પટેલ કોલેજ કેમ્પસમાં 24મા વાર્ષિક મહોત્સવ નિમિત્તે અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલના જીવન પર આધારિત એક પ્રેરણાદાયી નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના સ્થાપક પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ) અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ સરદાર સાહેબના જીવનના આદર્શોમાંથી પ્રેરણા મેળવી હતી. આ પ્રસંગે ડો. પાર્થ પટેલ અને ડો. ઈશિતાબેન પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા અને નાટ્ય પ્રસ્તુતિના અંતે શ્રેષ્ઠ અભિનય કરનાર તમામ કલાકારોને સ્ટેચ્યુ ઓફ યુનિટીની સ્મૃતિભેટ અને બિપીનચંદ્ર પટેલ દ્વારા તૈયાર કરાયેલ પુસ્તક 'અસરદાર વંદે માતરમ યાત્રા 150' આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીમાં 'રીડર્સ ક્લબ'નો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટીમાં કુલપતિ પ્રો. નિરંજન પટેલની અધ્યક્ષતામાં વાંચન સંસ્કૃતિને વેગ આપવા 'રીડર્સ ક્લબ'નું ગરિમાપૂર્ણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ક્લબનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને નાગરિકોમાં પુસ્તકો પ્રત્યે રસ વધારવા સાથે જ્ઞાનના આદાન-પ્રદાન માટે એક સકારાત્મક મંચ પૂરો પાડવાનો છે. હવેથી દર રવિવારે સવારે 8-30થી 10-30 કલાકે ભાઈકાકા લાયબ્રેરી ખાતે વાંચન પ્રેમીઓ માટે વિશેષ સમય ફાળવવામાં આવશે.

ચારૂસેટ યુનિવર્સિટીમાં 'ચર-એન્ડ બેશ' અંતર્ગત વિદ્યાર્થીઓની ઉદ્યોગસાહસિકતાનો સંગમ

આણંદ | ચાંગા સ્થિત ચારૂસેટ યુનિવર્સિટીના વુમન ડેવલપમેન્ટ સેલ (WDC) દ્વારા કેમ્પસમાં 'ચર-એન્ડ બેશ! 2025' સ્ટોલ શોકેસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઇવેન્ટમાં 14 ઉત્સાહી ટીમોએ જ્વેલરી, મહેંદી અને ફૂડ જેવા વિવિધ સ્ટોલ્સ દ્વારા પોતાની ઉદ્યોગસાહસિક કુશળતા અને સર્જનાત્મકતાનું સુંદર પ્રદર્શન કર્યું હતું,. યુનિવર્સિટીના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ખાસ કરીને મહિલા પ્રતિનિધિત્વ અને વિદ્યાર્થીઓની પ્રતિભાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો,. ડો. ગાયત્રી દવે અને ઉત્પલા મહેતાના સફળ સંચાલન હેઠળ આ આયોજને વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીને તેમની કલા પ્રદર્શિત કરવા માટે એક સક્ષમ પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું.

ખાનપુરના ખેડૂતોએ કેવીકે વેજલપુર ખાતે તેલીબિયાં અને પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી

ખાનપુર | મહીસાગરના ખાનપુર તાલુકાના ખેડૂતો માટે એનએમઇઓ ઓઇલસીડ યોજના હેઠળ કેવીકે, વેજલપુર ખાતે એક દિવસીય પ્રેરણા પ્રવાસ અને તાલીમ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં વિસ્તરણ અધિકારી જગદીશ શર્માની હાજરીમાં નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને આધુનિક કૃષિ પદ્ધતિ અને તેલીબિયાંના વાવેતર વિશે માર્ગદર્શન અપાયું હતું. તાલીમ દરમિયાન પ્રાકૃતિક ખેતીનું મહત્વ, અઝોલાનો ઉપયોગ અને ખેતી ખર્ચ ઘટાડવાની વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે સમજ પૂરી પાડવામાં આવી હતી.

જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનો વિદ્યાર્થી વાંસળીવાદનમાં રાજ્ય કક્ષાએ તૃતીય ક્રમે વિજેતા બન્યો

આણંદ | મોગરીની જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના ધોરણ-10 ના વિદ્યાર્થી સ્મિત પંચાલે રાજ્ય કક્ષાના યુવા મહોત્સવ 2025-26 માં વાંસળીવાદનમાં તૃતીય સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ ભવ્ય સફળતા બદલ સ્મિતને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા રોકડ પુરસ્કાર, વિજયપત્ર અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યો હતો. આ અવસરે યોગી વિદ્યાપીઠના કુલગુરુ પ. પૂ. ડો. રતિકાકા અને આચાર્યા રીટાબેન પટેલે વિદ્યાર્થીને આશીર્વાદ આપી આણંદ જિલ્લા સહિત સમગ્ર મધ્ય ગુજરાતનું નામ રોશન કરવા બદલ બિરદાવ્યો હતો. આ પ્રતિયોગિતામાં સ્મિતે ખુલ્લા વિભાગમાંથી ભાગ લઈને પોતાની કલાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું.

કેશ યૂઆર ડ્રાઇવ ઋષિકેશમાં પીપીપી પ્રોજેક્ટ હેઠળ 10 EV ચાર્જિંગ સ્ટેશન સ્થાપશે

વડોદરા | વડોદરા સ્થિત કેશ યૂઆર ડ્રાઇવ માર્કેટિંગ લિમિટેડે ઋષિકેશમાં ઇલેક્ટ્રિક વ્હીકલ (EV) ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ માટે ઋષિકેશ નગર નિગમ પાસેથી મહત્વપૂર્ણ પીપીપી પ્રોજેક્ટ મેળવ્યો છે. આ યોજના હેઠળ કંપની ઋષિકેશમાં 10 નવા ઇવી ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત, સંચાલિત અને જાળવણી કરશે. આ કંપની 10 વર્ષ સુધી DBFOM મોડેલ હેઠળ આ સ્ટેશનોનું સંચાલન કરશે, જ્યાં તેમને હાઈ-વિઝિબિલિટી એડવર્ટાઇઝિંગ રાઇટ્સ પણ મળશે. આ પ્રોજેક્ટ માટે કંપની એક વખતની 2 લાખની ફી અને પ્રતિ kWh 7.35ની ચૂકવણી કરશે. આ પહેલ ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મીડિયા એસેટ્સ સાથે જોડશે, જેનાથી ચાર્જિંગ અને જાહેરાત એમ બંને માધ્યમથી આવક થશે. આ કંપનીના એમડી રઘુ ખન્નાએ જણાવ્યું કે, આ પ્રોજેક્ટ લાંબા ગાળાની રિકરિંગ રેવન્યૂ માટે નવી તકો ઊભી કરશે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એકવેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજના શ્રી નારાયણદેવ મંદિરનો ૨૩૪મો પાટોત્સવ અને 'કુંવારો' મનોરથ ઉજવાયો

કપડવંજ | કપડવંજમાં નારાયણદેવ મંદિરનો 234મો પાટોત્સવ અને ધનુર્માસ નિમિત્તે 'કુંવારો' દિવ્ય મનોરથ અત્યંત શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે સંપન્ન થયો હતો. આ મંગલ પ્રસંગે વહેલી સવારે મંગળા આરતી, કેસર સ્નાન અને નૂતન ધ્વજારોહણ બાદ સવારે 11-30 કલાકે વિશેષ મનોરથના દર્શન યોજાયા હતાં. જેમાં હજારો શ્રદ્ધાળુઓ જોડાયા હતાં. આ ઉત્સવની પૂર્વ સંધ્યાએ ખ્યાતનામ કલાકાર અવિનાશ બારોટની ભજન સંધ્યા યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં ભક્તો ભક્તિરસમાં તરબોળ થયા હતાં. આ આયોજનને સફળ બનાવવા મયુર જોષી અને મિહિર જોષી સહિતના સેવકોએ જહેમત ઉઠાવી હતી.